# દ્વારિકાની ભાળ

કોઈ કાળે દરિયામાં ડૂબેલી દ્વારકાને નજરુંએ ચીંધી રે આંગળી.
મોરપીંછ જેવું રે નાચ્યું છે આજ મન લઈ હોઠે વગાડો હવે વાંસળી.
કોઈ કાળે૦

સુદામા જેવા જો સખા રે હોય તો
તાંદુલ પણ લાગે મધમીઠા.
પાંચેય આંગળીએ અમે ભાવ એવા જોયા કે આંખે ન થાય અણદીઠા.
માધવનું મીઠેરું નામ સખી રટતાં
ભીતરની મહેકે છે પાંસળી
કોઈ કાળે૦

ટચલી આંગળીએ ગોવર્ધન ઉપાડ્યો ને ક્યાંક વળી સુદર્શન હાથમાં.
પળભરમાં ઝૂંપડી હવેલી થઈ જાય ભાવ એવા ગોવર્ધનની બાથમાં.
માધવનાં ચરણોમાં જઈને હરખેથી ખોલી છે
રાધાએ શમણાંની ગાંઠડી.
કોઈ કાળે૦

## રાધા માધવ

રાધાનું નામ જરીક લીધું જ્યાં વ્રજમાં
ત્યાં માધવની વેણું ઊઠી વાગી
બંસીના સૂરોથી ગ્હેક્યાં કૈં મોરલાં
ને, રાધા પણ ઝબકીને જાગી...

મારા રૂદિયામાં તારી ઝાંખીની ઝંખના
ને, રહું આઠે પ્રહર હું આનંદમાં
અભરખાનાં વન તો અડાબીડ ઊગ્યાં
તને પામવાં દોડું વૃંદાવનમાં
ગોકુળ, વૃંદાવનની આવજામાં ક્યાંથી
દ્વારિકાની લગની તને લાગી...

કોયલ સમ બંસીના મધુર ટહુકારે
મહેકી ઊઠ્યું વાંસવન
રાધાના રોમરોમે કૃષ્ણના વિરહથી
વ્યાકુળ થૈ ગ્યું તન, મન
રાજા રણછોડ ક્યારે વ્રજમાં પધારશો
રાધાની અરજી અનુરાગી...

## સંબંધની ગાંઠડી

બંસીને ગમતા રે કાન્હાના અધર
એમ રાધાને ગમતી વાંસળી!
જોજનો દૂરદૂર રહીને તોય સખી
લવકે કેવી રે આંગળી!

વૃંદાવનમાં તે લાલો રમતો ના રાસ
તેથી રાધાજી થાતાં વ્યાકુળ.
વલખાં મારીને એ તો ઝંખ્યા કરે છે
કૃષ્ણનાં ચરણોની ધૂળ.
તારા તે વિહોણી સાવ ઘેલી રાધાની
શોધ્યા કરે છે તારી આંખડી.

ગોકુળના ઘરઘરની ગાયો ચરાવે શ્યામ
રાધાજી રાતદિવસ જાગે.
સાત સાત રંગોથી મોરપીંછ જેવું
સાવ રે અલાયદું આભ માગે.
કાંખમાં તે બાંધીને ફર્યા કરે છે એ તો
તારા તે સંબંધની ગાંઠડી.

## કૃષ્ણની વેદના

એક વાર કૃષ્ણને કોઈએ એમ પૂછ્યું કે
રાધાથી કેમ ગયો આઘે?
વરસોના વિરહથી સાવ ભીની આંખોને,
શીદને તે છુપાવી માધે?
એક વાર...

મોરલી તો સાવ રે મૂંગી થઈ ગઈ
એ તો ક્યાં જઈને કાઢે ઝુરાપો?
કાલિન્દી જળ હવે ઊછળી ઊછળીને
લ્યે કાઢે રે માંયલો બળાપો.
ગોપીજન વલ્લભને રાસ આવે કૈ
નિહાળે ના ક્યાંય આંખ રાધે!

કદમ્બની ડાળ આજ શોધે વનમાળી
કેમ આવે રે વહાલો બંસીધારી?
સાન ભાન ભૂલી ને કાન પણ અચંબે
ઉત્તર શું દે રે બલિહારી?
જુદાઈમાં રોમેરોમ પડઘાતું હોય જેના
અંતરમાં રાધે તે રાધે...
એક વાર...

# રાધેશ્યામ

દ્વારિકા જઈ રાજા રણછોડને પૂછો
કે વ્રજની આવે કદી યાદ?
ઓધાજી સંગ વળી સંદેશો મોકલેલ
ઘેલી રાધાની આવે કદી યાદ?

યમુના જળ ઝૂરે, ઝૂરે કદંબડાળ
અને ઝૂરે આ ગોકુળિયું ગામ.
ઝૂરે આ મથુરા ને ઝૂરે વૃંદાવન
સાવ ઝૂરે આ બરસાના ધામ...
કદીયે ઠાકર તને રાજપાટ ગમતાં
કે કુંજગલીનો ગમે સાદ?

ક્યાં ગયાં ગોપ-ગોપી, રાસલીલા ક્યાં?
સાવ સૂના નિધિવન નૂપુર.
શરદપૂનમની થઈ રાત વિજોગણ અને
ઓસર્યાં કાલિન્દી પૂર.
યોગેશ્વર આંગળીએ સુદર્શન ધરનારા
મીઠો સંભળાય વેણુનો નાદ?

સાંભળી ફરિયાદ બોલ્યા દ્વારિકાનાથ
મારા રુદિયે બિરાજે એક રાધા.
આજેય હેમખેમ મારા વ્રજનો આનંદ
છેક ભીતરમાં ઝૂલે છે રાધા.
પહેલાં રાધા ને પછી આવે છે શ્યામ
કે આ તો રાધાકિશનનો સંવાદ.

# ખોવાઇ ગયા વનમાળી

એવું લાગે કે સાવ હળવેથી આવીને સખી!
પૂછે કદંબની એ ડાળી
ક્યાં ખોવાઈ ગયા રે વનમાળી?

ગોકુળ, વનરાવન ને મેલ્યું મથુરા મેં
સખી જોયું ના દ્વારિકાધામ
શેરીએ શેરીએ, ફરી ફરીને હું તો
પોકારું શ્યામલ ઓ શ્યામ
આંગણાંમાં ઊભેલી તુલસી પૂછે રે મને
પૂછે છે એક એક ડાળી.
ક્યાં ખોવાઈ ગયા રે વનમાળી!

ગાયુંને પૂછ્યું જઈ, પૂછ્યું મેં ગોપીઓને,
આજ પૂછી લીધું રે સખી વાંસને.
તુજને બે હાથે લઈ લાડ રે લડાવનાર શોધવા ક્યાં કૃષ્ણના શ્વાસને?
સાવ રે હું એકલડી ઊભી રે ચોકમાં
કેમ લઉં જીવતરની તાળી?
ક્યાં ખોવાઈ ગયા રે વનમાળી.?

# કૃષ્ણ કહો

કહેવું હોય તો કૃષ્ણ કહો
ને સહેવું હોય તો રાધા.
મીરાંએ તો કંઠી પહેરી
તારા નામની માધા.
મીરાંએ તો...

રાધાજી તો રાસ રમે ને
મીરાં ભીતર ઝૂરે.
જનમ જનમના કોડ સખીરી!
કોઈ આવીને પૂરે
પીંછી, ગોકુળ, બંસી જેને
હરદમ રાખ્યા આઘા.

કોઈ જીવતું અતર જેવું
કોઈ ના મન ઘનશ્યામ.
ઝેર હરખથી પીધાં જેણે
કૃષ્ણ તારે નામ.
મીરાંનું તો રોમેરોમ જાણે
તંબૂરા સમ વાગ્યા.

## સાંકળ ગીત... ઝાંઝરી

ગોકુળિયામાં ગાયો ફરીને ભાંભરી
ને ગોપીની રણઝણી છે ઝાંઝરી

ઝાંઝરીના ઝણકારે નાચી ઊઠ્યા છે શ્યામ
શ્યામ-ગોપી, રાસલીલા જાણે પર્યાયી નામ
નામ શ્યામનું સાંભળી રાધાના ચમક્યા કાન
કાનની વાત છોડો રાધા ભૂલી સાન-ભાન
ભાન ભૂલી ગોવર્ધનની ખરી જ્યાં કાંકરી
ને ગોપીની રણઝણી છે ઝાંઝરી.

ઝાંઝરીનો ઝણકાર, શ્યામને રાધાનો અણસાર
અણસાર કહો કે રૂદિયામાં બસ રાધાનો ધબકાર
ધબકાર ધરી બોલ્યા છે હરિ, રાધે! રાધે!
રાધેજી પણ બોલ્યા છે ફરી માધે! માધે!
રાધા માધવે ગોઠડી ફરી ફરીને આદરી.
ને ગોપીની રણઝણી છે ઝાંઝરી.

## શ્યામ તારાં ગીત ગાય

મીઠી વાંસળીના સૂર ઘેલા સાંભળી ને
ભાંભરતી આવી રે ગાય.
ક્યાંક વળી ગોપીઓના, ક્યાંક વળી કૃષ્ણના
એવા તે ભણકારા થાય!

એવું લાગે કે સખી મોરપીંછ ઊડીને
માખણની મટકીને ફોડતું.
પગરવ સંભળાય ક્યાંક સૂર તે રેલાય
તો દ્વારિકાને બેઉ હાથ જોડતું.
રાધાના પાલવમાં ચીતરેલા મોરલામાં
આખો દી' ટહુકા પડઘાય.

ભીતરમાં વસનાર સામે આવીને
ઘેલી રાધાનું હૈયું છલકાવો.
આવો ગિરધર આજ આવો રે ક્હાન
જીવતરિયું આજે મહેકાવો.
બારસાખે ઊભી ને હરખાતી ગોપીઓ
કેદુનાં ગીત તારાં ગાય.

# હૈયામાં કોણ છે?*

હળવેથી કોઈ સખી કમખા લગ આવીને પૂછે કે હૈયામાં કોણ છે?
જાણીબૂજીને પછી આખું આ ગામ કંઈ નથીનો રોજ કરે ડોળ છે.

પેલી કદમ્બની ડાળ જાણે પૂછે કે જળ કાલિન્દીનાં કેવાં ઊછળે.
વેણુના સુર ક્યાંય સંભળાય નૈં, ને ડૂમો ભરાય મારા ગળે.
મારે તે આખાયે આયખાનો થાતો સવાલ અને
જગને તો વાત જરી ગૌણ છે.

આંખો ભરાય ને ગાગર આ ખાલી આ તે વળી કેવું રે કામ છે?
કોઈ કહે ઘેલી ને કોઈ કહે બહાવરી, એના રૂંવેરૂંવામાં તો શ્યામ છે.
અફવાનું પિંડ જાણે બંધાતું જાય
અને જણજણની નજરુંમાં જાણે કોણ છે.

# પ્રેમની પરિભાષા

રાધા ને મીરા તો બેઉ કહે કે પરિભાષા બસ પ્રેમની સમજાવ.
જન્મોજનમનો કાન્હા સંગાથ હવે બેઉનો રહ્યો લગાવ.
રાધા...

રાધાની ઉપર રોજ વરસે રે હેત સખી મીરા તો સાવ સૂનું ધામ.
કોઈ તો રચાવે રોજ મનગમતા રાસ અને કોઈનો તો સૂનો મુકામ
રાધાની રાત્યું તો ચાંદનીને સંગ
અને મીરાને અંધારા સાવ...

રાધાજી વાંસળીના સૂરે રે ઝૂલતાં અને મીરાના વિખરાતાં તાર.
શ્યામના નામ પર જીવતર આખુંય જેણે મેલી દીધું રે વારંવાર.
રાધાજી વિહરતા વૃંદાવન વાટે
મીરાજી મેવાડની રાવ.

# કૃષ્ણના ભણકારા

ક્યાંક વાંસળીના સૂર રેલાય
ક્યાંક ભાંભરતી આવે છે ગાય
ગોપી! કૃષ્ણના ભણકારા થાય.

ઓચિંતું મોરપીંછ આવે છે દોડતું
કો'ક માખણની મટકીને ફોડતું
સખી ચિતડું મારું ચોરી જાય
ગોપી! કૃષ્ણના ભણકારા થાય.

સખી મોરલા ગહેકવાને લાગ્યા
દૂર વાંસવનથી સૂરો સંભળાયા
મને આજ હેડકી શાને જાય
ગોપી! કૃષ્ણના ભણકારા થાય.

હવે તો પ્રિયતમ રૂબરૂ થાઓ
ઘેલી રાધાની સંગાથે આવો
પ્રેમ સેતુની બાંધી સગાઈ
ગોપી! કૃષ્ણના ભણકારા થાય.

# બેઉનાં સુંદર શ્યામ

રાધા હોય કે મીરા હો શ્યામ!
તને પામવાની રીતો બતાવ

રાધાનો પ્રેમ જાણે વરસતી વાદલળી
મોરપિચ્છ જાણે ઊડી આવતું
મીરા તો ઝેરને પી ગયા પ્રેમે
ગિરિધરે અમૃત કરી આપ્યું.
રાધાની લાગણી ને મીરાની માંગણી
એનો પાર પામી શકે શ્યામ?

રાધા વાંસળીનાં તાલે ઝૂમતાં
મીરા તો નાચી એકતારે
રાધા વૃંદાવનની વાટે વિહર્યાં
મીરા તો પહોંચ્યાં મેવાડ રે
સખી લીલેરી લાગણી અંતરે
ઉજાણી ચાહવા સુંદરશ્યામ.

## રાધાનું ચિત્ત હરનારા

કાના રે ઓ કામણગારા
રાધાનું ચિત્ત હરનારા.

ગોપીઓ ઘેલી, જોતી વાટલડી
શરદપૂનમની આવી રાતલડી
રાસની થાયે વ્રજમાં રમઝટ
કાન ગોપીના પગમાં થિરકટ
ગોકુળ વૃંદાવનમાં વિહરનારા
રાધાનું ચિત્ત હરનારા.

ચિત્તડું ચોર્યું, મનડું મોર્યું
ગોકુળિયા ગામને ઘેલું કર્યું
જમનાજી પણ જોવા પધાર્યાં
બંસીના સૂરે દોડતાં આવ્યાં
રાતને રળિયાત રાસે કરનારા
રાધાનું ચિત્ત હરનારા.

નરસિંહે રાસલીલા અચરજે ભાળી
હર ગોપી સંગે કાનાને નિહાળી
હજુએ થાયે પાયલની છમછમ
જાણે જામી હો રાસની રંગત
નિધિવનમાં રાસ રમનારા
રાધાનું ચિત્ત હરનારા.

# ગોકુળિયું ગામ

રાધાની સંગાથે મોરપીંછ થઈને કુંજ રે ગલીમાં એ તો રમતું.
સખી ગોકુળિયું ગામ એથી ગમતું.

પીંછીના રંગ બધા શ્યામના તે શિરે
રૂડું રતન બનીને પછી ઓપતું.
બંસીના નાદે ગાયું દોડતી બસ આવે રે! ગૌધણ
આજ કેવું તે સખી શોભતું.
દૃશ્ય એવુંય પછી નિહાળી આંખોમાં
શમણાનું ઘર જાણે બનતું.
સખી ગોકુળિયું ગામ મને ગમતું.

યમુનાના કિનારે સાંજ પડેને સખી
થનગનતી મારી આ ઝાંઝરી.
માખણની હુંય કોઈ મટકી ન હોઉં એમ
ફેંકે રે વ્હાલપની કાંકરી.
રાધાને શ્યામ જોડે રમતાં જોવાને
જન જનનું હૈયું તે ભમતું.
સખી ગોકુળિયું ગામ મને ગમતું.